# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ००७

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2026-27/23 Dt. 30/06/2026

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

નીચે મુજબની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# દેશના ૨૬ જેટલા રાજ્યોના નાગરિકો માટે ડોમેસ્ટિક ફ્લાઇટ્સ મળે તથા વિશ્વસ્તરીય સુરત એરપોર્ટ માટે ચેમ્બરની વ્યાપક રજૂઆત

## AAIના રિજનલ એક્ઝિક્યુટિવ ડિરેક્ટર શ્રી પુલ્લા હિઝેકિયા સાથે હાઇ-લેવલ બેઠક

## ઇન્ટરનેશનલ કાર્ગો ટર્મિનલ, MRO (મેન્ટેનન્સ) સુવિધા અને એરોટ્રોપોલિસ-એરપોર્ટ ઇકોનોમિક ઝોન સ્થાપવા પર વિશેષ ભાર

**સુરત:** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી (SGCCI) દ્વારા સોમવારે, ૨૯ જૂન ૨૦૨૬ના રોજ સંહતિ, સરસાણા, સુરત ખાતે એરપોર્ટ ઓથોરિટી ઓફ ઇન્ડિયા (AAI)ના પશ્ચિમ ક્ષેત્રના રિજનલ એક્ઝિક્યુટિવ ડિરેક્ટર શ્રી પુલ્લા હિઝેકિયા સાથે સુરતમાં વસતા ૨૬ રાજ્યોના નાગરિકોને પોતાના પ્રાંત સાથે કનેક્ટિવિટી મળે તે હેતુથી ડોમેસ્ટિક ફ્લાઇટ્સ વધારવા તથા આંતરરાષ્ટ્રીય ફ્લાઇટ્સમાં વૃદ્ધિ કરવા, એરપોર્ટના વર્તમાન વિકાસકાર્યો તેમજ આગામી દાયકાઓની જરૂરિયાતોને ધ્યાનમાં રાખી મહત્વપૂર્ણ બેઠક યોજાઇ હતી.

આ બેઠકમાં ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી અશોક જીરાવાલા, માનદ્ મંત્રી શ્રી પરેશ લાઠિયા, માનદ્ ખજાનચી શ્રી અતુલ પટેલ, એવિએશન/એરપોર્ટ કમિટીના મેન્ટર શ્રી રજનીકાંત મારફતિયા તેમજ કમિટીના ચેરમેન શ્રી લિનેશ શાહ, સુરત એરપોર્ટના ડિરેક્ટર શ્રી આનંદ શર્મા, એરપોર્ટના વરિષ્ઠ અધિકારીઓ તેમજ ચેમ્બરની એવિએશન/એરપોર્ટ કમિટીના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

બેઠક દરમિયાન ચેમ્બરના પ્રમુખ શ્રી અશોક જીરાવાલા દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, સુરતમાં શહેરમાં દેશના ૨૬ જેટલા રાજ્યોના નાગરિકો રોજગાર અને વેપાર અર્થે સુરતમાં વસવાટ કરે છે. તેવી સ્થિતિએ તેઓને આવાગમન માટે આ રાજ્યોમાં ફ્લાઈટ્સની સુવિધા મળે તે અત્યંત જરૂરી બાબત છે. સાથે જ આ પ્રસંગે સુરત આંતરરાષ્ટ્રીય એરપોર્ટને વૈશ્વિક ધોરણોને અનુરૂપ, ભવિષ્યલક્ષી અને ઉચ્ચ ક્ષમતાવાળા આંતરરાષ્ટ્રીય એરપોર્ટ તરીકે વિકસાવવા માટે વ્યાપક અને દીર્ઘદૃષ્ટિપૂર્ણ રજૂઆત કરવામાં આવી હતી.

**રજૂઆતમાં નીચેના મુખ્ય મુદ્દાઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો:**

* આંતરરાષ્ટ્રીય એર કાર્ગો ટર્મિનલની સ્થાપના.

* એપ્રોચ લાઇટિંગ સિસ્ટમ તથા એર નેવિગેશન સુવિધાઓનું આધુનિકીકરણ.

* સમર્પિત આંતરરાષ્ટ્રીય પેસેન્જર ટર્મિનલ તથા ભાવિ ટર્મિનલ વિસ્તરણ.

* એરક્રાફ્ટ પાર્કિંગ બે (Apron)ની ક્ષમતામાં નોંધપાત્ર વધારો.

* એરક્રાફ્ટ મેન્ટેનન્સ, રિપેર એન્ડ ઓવરહોલ (MRO) સુવિધાઓની સ્થાપના.

* હાલના હેંગરનું આધુનિકીકરણ કરીને NSOP, MRO, ફ્લાઇંગ ટ્રેનિંગ તથા જનરલ એવિએશન પ્રવૃત્તિઓ માટે ઉપયોગ.

* એરસાઈડ ઇન્ફ્રાસ્ટ્રક્ચરનું વિસ્તરણ તથા એકસાથે બહુવિધ એરક્રાફ્ટ ઓપરેશન (Simultaneous Operations) માટે જરૂરી સુવિધાઓનો વિકાસ.

* રનવે વિસ્તરણ તેમજ હાલ ડિસ્પ્લેસ્ડ રહેલા આશરે ૬૧૫ મીટર રનવે ભાગને પુનઃ કાર્યરત કરવા માટે જરૂરી આયોજન.

* વિઝન-૨૦૪૭ને અનુરૂપ લાંબા ગાળાનો એરપોર્ટ માસ્ટર પ્લાન તૈયાર કરવો.

* એરોટ્રોપોલિસ તથા એરપોર્ટ ઇકોનોમિક ઝોનના વિકાસની યોજના.

* ભવિષ્યની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને ગ્રીનફિલ્ડ/સેકન્ડ એરપોર્ટ અંગે સમયસર આયોજન.

* જાહેર પરિવહન, લાસ્ટ માઇલ કનેક્ટિવિટી તથા ટ્રાફિક મેનેજમેન્ટમાં સુધારાઓ.

* પેસેન્જર સુવિધાઓ, લેન્ડસ્કેપિંગ તથા સ્માર્ટ એરપોર્ટ ટેક્નોલોજીનો વિકાસ.

* સોલાર એનર્જી, ઇલેક્ટ્રિક વાહનો, રેઇન વોટર હાર્વેસ્ટિંગ સહિત ગ્રીન એરપોર્ટ પહેલને પ્રોત્સાહન.

ચેમ્બરની રજૂઆતમાં ભારપૂર્વક જણાવ્યું હતું કે, સુરત ભારતના સૌથી ઝડપથી વિકસતા આર્થિક કેન્દ્રોમાંનું એક છે અને હીરા, ટેક્સટાઇલ, એન્જિનિયરિંગ, ફાર્માસ્યુટિકલ્સ, કેમિકલ્સ, MSME, સોલાર તથા સેવા ક્ષેત્રમાં વૈશ્વિક ઓળખ ધરાવે છે. શહેરની ઝડપી આર્થિક વૃદ્ધિ, વધતા આંતરરાષ્ટ્રીય વ્યાપાર અને પ્રવાસનને ધ્યાનમાં રાખતાં વિશ્વસ્તરીય એરપોર્ટ ઇન્ફ્રાસ્ટ્રક્ચર હવે સમયની અનિવાર્ય જરૂરિયાત બની ગયું છે.

રજૂઆતમાં જનરલ એવિએશન સુવિધાઓના વિકાસ, એવિએશન ટ્રેનિંગ અને સ્કિલ ડેવલપમેન્ટ સેન્ટરની સ્થાપના, એર ટ્રાફિક કન્ટ્રોલ ક્ષમતામાં વધારો, એરપોર્ટ પર અન્ય સંબંધિત સુવિધાઓને વધુ મજબૂત બનાવવાની જરૂરિયાત તેમજ સુરતથી વધુ આંતરરાષ્ટ્રીય અને સ્થાનિક ફ્લાઇટ્સ શરૂ કરવા માટે જરૂરી માળખાકીય વિકાસ પર પણ વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો.

શ્રી પુલ્લા હિઝેકિયાએ ચેમ્બર દ્વારા કરવામાં આવેલી વ્યાપક, વ્યવહારુ અને ભવિષ્યલક્ષી રજૂઆતની પ્રશંસા કરી હતી. તેમણે તમામ સૂચનો પર સકારાત્મક વિચારણા કરવાની ખાતરી આપતાં સુરત આંતરરાષ્ટ્રીય એરપોર્ટ ખાતે ચાલી રહેલા તથા આગામી વિકાસકાર્યો અંગે વિગતવાર માહિતી આપી હતી. તેમણે પ્રદેશની વધતી જરૂરિયાતોને અનુરૂપ વિશ્વસ્તરીય એરપોર્ટ સુવિધાઓ વિકસાવવા એરપોર્ટ ઓથોરિટી ઓફ ઇન્ડિયાની પ્રતિબદ્ધતા પણ વ્યક્ત કરી હતી.

અંતમાં ચેમ્બરે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, એરપોર્ટ ઓથોરિટી ઓફ ઇન્ડિયા, નાગરિક ઉડ્ડયન મંત્રાલય, ગુજરાત સરકાર તથા ઉદ્યોગજગતના સંકલિત પ્રયાસોથી સુરત આંતરરાષ્ટ્રીય એરપોર્ટ આગામી વર્ષોમાં પશ્ચિમ ભારતના અગ્રણી આંતરરાષ્ટ્રીય એવિએશન, વેપાર અને કનેક્ટિવિટી હબ તરીકે વિકસશે, જે સમગ્ર દક્ષિણ ગુજરાતના આર્થિક વિકાસને નવી દિશા આપશે.